બિન-આદિજાતિ વિસ્તારમાં આવેલ સ્વૈચ્છિક અનુદાન ધોરણે ચલાવવામાં આવતા ગ્રાન્ટ-ઈન-એઇડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં વધારો કરવા બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત- નવી બાબત વર્ષ ૨૦૧૪-૧૫.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૪/ન.બા.૫૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨/૦૯/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૨૦/૦૫/૨૦૧૪નો પત્ર નં:- આવિ/છતલ/૧/ન.બા./૨૦૧૪-૧૫/૯૨૪ થી ૯૨૫.

## ઠરાવ:-

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે ઘણા કિસ્સાઓમાં તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેને કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળા બાળકોને મફત રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે, તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી માન્ય સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પ્રવેશથી વંચિત રહેતા હોય છે. રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેમજ આ વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણનુ પ્રમાણ વધે અને વધુને વધુ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ મેળવે, તે હેતુસર બિન-આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના સ્વૈચ્છિક અનુદાનિત (ગ્રાન્ટ ઇન એઇડ) છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ૪૭,૨૮૩ (સુડતાલીસ હજાર બસો ત્યાસી) માં ૧૫૦ છાત્ર/છાત્રાઓની સંખ્યાનો વધારો મંજૂર કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી વર્ષ ૨૦૧૪-૧૫ માં લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે બિન-આદિજાતિ વિસ્તારમાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં માન્ય સંખ્યામાં ૧૫૦ (એક સો પચાસ) નો વધારો કરવા માટેની રૂ.૧૫ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

## શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં થનારા સંખ્યા વધારા સામે વધારાના મહેકમ માટે દરખાસ્ત કરવાની રહેશે નહીં.

(૯) ૧૫૦ની માન્ય સંખ્યાના વધારાની મર્યાદામાં સબંધિત સ્વૈચ્છિક સંસ્થાને સંબધિત છાત્રાલય માટે માન્ય સંખ્યામાં વધારો ફાળવવા માટે કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીએ તાબાના જિલ્લા અધિકારીઓ પાસેથી સ્વૈચ્છિક સંસ્થાઓની જરૂરી ચકાસણી સહિત દરખાસ્તો મેળવી સંકલિત દરખાસ્ત સરકારશ્રીમાં મોકલી આપવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૩ (આયોજન), મુખ્ય સદરઃ ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૭૭ શિક્ષણ, પેટા સદર – બીસીકે – ૧૬૫ સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની યોજના હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૧૮/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.